અપીલ અરજી નં.૪૧૯ તા.૨૪–૨–૧૦

અરજદારઃ– શ્રી ભોલાપ્રસાદ સુરેશકુમાર પાંડે

સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભોલાપ્રસાદ સુરેશકુમાર પાંડેની તા.૧૩–૧–૧૦ ની અરજીથી ગણેશનગર સર્વે નં.૨૧૩/૩ બ્લોક નં.૩૨૩ ડિંડોલી (રેલ્વે લાઈન) ને આકારણીમાં કયારે દાખલ કરવામાં આવેલ તેના નકશા પ્લોટની સંખ્યા પ્લોટ હોલ્ડરના નામ તથા દાખલ કરનાર પ્રમુખનું નામ વિ.માહિતિ આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૪–૨–૧૦ ની અપીલ અરજી નં.૪૧૯/૨૦૦૯–૧૦

શ્રી ભોલાપ્રસાદ સુરેશકુમાર પાંડેની તા.૧૩–૧–૧૦ની અરજીથી ગણેશનગર સર્વે નં.૨૧૩/૩ બ્લોક નં.૩૨૩ ડિંડોલી (રેલ્વે લાઈન)ને આકારણીમાં કયારે દાખલ કરવામાં આવેલ તેના નકશા પ્લોટની સંખ્યા પ્લોટ હોલ્ડરના નામ તથા દાખલ કરનાર પ્રમુખનું નામ વિ.માહિતિ આપવા બાબતે આપેલ માહિતી તદન ખોટી, અધૂરી અને ગેરમાર્ગે દોરનારી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૪–૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૦૭ તા.૫–૩–૧૦ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)ને તથા અરજદારને મુળ અરજીની નકલ તથા ફી ની વિગત બાબતે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે તા.૧૨–૩–૧૦ ના રોજ વિગતો અત્રેના વિભાગને મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી નં.સા.ઈ.ઝોન/આ.નં.૪૪૮૩ તા.૨૦–૩–૧૦ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. જેમાં નોંધ વિભાગ, અરજદારને પૂરક આપેલી માહિતી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૪૪૮૨ તા.૨૦–૩–૧૦ ના પત્રની નકલ તથા તે મેળવ્યા અંગેની અરજદારની સહીવાળી પહોંચની નકલ અત્રે રજૂ કરેલ છે.

અરજદારની તા.૧૩–૧–૧૦ ની અરજી મ્યુ. કમિશ્નરને સંબોધીને લીંબાયતઝોનમાં આપવામાં આવેલ છે. જેમાં ગણેશનગર સર્વે નં.૨૧૩/૩ બ્લોક નં.૩૨૩ ડિંડોલી (રેલ્વે લાઈન) ને આકારણીમાં કયારે દાખલ કરવામાં આવેલ તેના નકશા પ્લોટની સંખ્યા પ્લોટ હોલ્ડરના નામ તથા દાખલ કરનાર પ્રમુખનું નામ વિ.માહિતિ આપવા બાબતની અરજીના અનુસધાનમાં જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૯૭૫ તા.૬–૨–૧૦ ના રોજ પાનાની કુલ સંખ્યા ૨૦૯ નકશા સહિત પ્રતિ પાના રૂા.૨/– લેખે રૂા.૪૧૮ ભરપાઈ કરી માહિતી મેળવી લેવા જણાવવામાં આવેલ. જેના સંદર્ભે અરજદારે રસીદ નં.૫૬૭૨ તા.૧૬–૨–૧૦ ના રોજ ભરપાઈ કરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નં.સા.ઈ.ઝોન/મહેકમ/૪૧૫૩ તા.૨૦–૨–૧૦ થી અરજદારને પાના નંગ ૧ થી ૨૦૯ નકશા સહિતની માહિતી પૂરી પાડેલ જણાય છે. જેમાં જાહેર માહિતી અધિકારીએ ૧૨૦ પ્લોટ ના નકશા તથા માહિતી આપેલ છે. જે બાબતે અરજદારે તા.૨૪–૨–૧૦ ના રોજ અપીલ અરજી કરી સદર નિર્દિષ્ટ વિગતે ગણેશનગર સોસા.માં આવેલ પ્લોટ૧૨૪ આકારણી દફતરે કયા દસ્તાવેજી પુરાવાને આધારે દાખલ કરવામાં આવેલ છે? તેની અને સોસા.ના સહી સિકકાવાળી નકલ માંગેલ. જે અંગે જાહેર માહિતી અધિકારીએ તા.૨૦–૨–૧૦ થી આપેલ માહિતી તદ્દન ખોટી અને અધૂરી અને ગેરમાર્ગે દોરનારી છે તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. જેમાં પ્લોટ નં.૧૨૩ અને ૧૨૪ ની આકારણી દફતરે કરેલ છે જેમાં કોઈ પુરાવા જવાબમાં મળેલ નથી. તેવું જણાવી અધૂરી માહિતીના આધાર તરીકે જણાવેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સા.ઈ.ઝોન/મહેકમ/૪૪૮૨ તા.૨૦–૩–૧૦ થી અરજદારને પ્લોટ નં.૧૨૨ થી ૧૨૪ ના પેપર્સની ઝેરોક્ષ નકલ પાના નંગ–૪૯ તા.૨૦–૩–૧૦ ના રોજ વિના મૂલ્યે પૂરા પાડેલ છે જે મળ્યા અંગે અરજદારની સહી વાળી પહોંચની નકલ પણ રજૂ કરેલ છે. અરજદારે અપીલ તબકકે પ્લોટ નં.૧૨૪ " કયા દસ્તાવેજી પુરાવાના આધારે દાખલ થયું" તેની માહિતી મુળ અરજીથી અલાયદી માંગેલ હોઈ અપીલ તબકકે તે અંગે કારણ બનતું નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૧૩–૧–૧૦ ની અરજીથી માંગેલ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પડાયેલ હોય અપીલ અરજી અંગે કઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/<br>
તારીખ : –૩ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),<br>
અને એપેલેટ ઓફિસર<br>
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,<br>
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન) ..જાણ તથા અમલ માટે<br>
(૨) શ્રી ભોલાપ્રસાદ સુરેશકુમાર પાંડે,